**ફોજદારી કેસ નં.૧૧૮૦/૨૦૨૨**
**તથા ૧૫૩૩/૨૦૨૨**
**આંક–૧૦૭**

# –: નમુનો–અ :–

| **નામદાર જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફ. ક. (શ્રી બી.વી.ગોહિલ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.–તા. માળીયા હાટીના, જિ. જૂનાગઢ.**<br>ચુકાદાની તા.૦૮/૦૪/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૧૧૮૦/૨૦૨૨ તથા સાથે પુરવણી ફોજદારી કેસ નં.૧૫૩૩/૨૦૨૨ | |
|---|---|
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | પ્રોહી. એકટની કલમ – ૬૫ (ઈ), ૧૧૬(બી), ૮૧ |
| પ્રથમ માહિતિ અહેવાલ નંબર | ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૬૨૨૦૦૯૦/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | માળીયા હાટીના પોલીસ સ્ટેશન |
| ફરિયાદ પક્ષ | શ્રી સ ર કા ર |
| ફરિયાદપક્ષે વિદ્ધાન વકીલ શ્રી | એ.પી.પી. શ્રી એમ.એચ. સિંધી |
| આરોપી પક્ષ | **મુખ્ય ફો.કે.નં.૧૧૮૦/૨૦૨૨ નાં કામનાં આરોપીઓ**<br>(૧) હિરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ,<br>ઉ.વ.૩૯, રહે.ભંડુરી, તા.માળીયા હાટીના<br>(૨) પ્રફુલ લલીતકુમાર તન્ના,<br>ઉ.વ.૩૮, રહે. ભંડુરી, ઓવરબ્રીજ પાસે, તા. માળીયા હાટીના<br>**પુરવણી ફો.કે.નં.૧૫૩૩/૨૦૨૨ નાં કામનાં આરોપી**<br>(૩) આરીફ ઉર્ફે ભુરો યુસુફભાઈ ગંભીર,<br>ઉ.વ.૨૭, રહે. ભંડુરી ગામ, નવા પ્લોટ વિસ્તાર, તા. માળીયા હાટીના |
| આરોપીપક્ષે વિદ્ધાન વકીલ શ્રી | સી.આર.ભરડા |

# –: નમુનો–બ :–

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૫/૦૩/૨૦૨૨ |
| પ્રથમ માહિતિ અહેવાલની તારીખ | ૨૫/૦૩/૨૦૨૨ |
| મુખ્ય તથા પુરવણી ચાર્જશીટની તારીખ | ૨૭/૦૬/૨૦૨૨ તથા ૧૦/૦૮/૨૦૨૨ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૨ તથા ૧૪/૧૨/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૧૨/૨૦૨૨ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

# –: આરોપીઓની વિગત :–

| ક્રમ | આરોપીઓનાં નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | નિર્દોષ / દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | હિરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ | ૨૬/૦૩/૨૦૨૨ | ૦૧/૦૪/૨૦૨૨ | પ્રોહી. એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬ (બી), | નિર્દોષ | –– | –– |
| (૨) | પ્રફુલભાઈ લલીતકુમાર તન્ના | ૧૭/૦૬/૨૦૨૨ | ૨૮/૦૬/૨૦૨૨ | | નિર્દોષ | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૩) | આરીફ ઉર્ફે ભુરો યુસુફભાઈ ગંભીર | ૨૭/ ૦૬/ ૨૦૨૨ | ૦૭/ ૦૭/ ૨૦૨૨ | ૮૧ મુજબ | નિર્દોષ | -- | -- |

## -: નમુનો-ક :-

### (મુખ્ય ફો.કે.નં.૧૧૮૦/૨૦૨૨ તથા પુરવણી ફો.કે.નં.૧૫૩૩/૨૦૨૨)

### -:: ફરીયાદીપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી ::-

### (અ) ફરીયાદ પક્ષનાં સાક્ષીઓ

| ક્રમ | આંક | નામ | પ્રકાર |
|---|---|---|---|
| પી.૦૧ | ૧૯ | ૧૧૮૦/૨૦૨૨ નાં કામે સતીષભાઈ ગોરધનભાઈ રાઠોડ | પંચ સાહેદ |
| પી.૦૨ | ૩૪ | હિતેષભાઈ કાનજીભાઈ છેલાણા | ફરિયાદી |
| પી.૦૩ | ૫૨ | સમીરભાઈ ઈશાકભાઈ મંધરા | ત.ક.અ. |
| પી.૦૪ | ૬૦ | સંજયભાઈ મનહરભાઈ પરમાર | સાહેદ |
| પી.૦૫ | ૬૧ | વિમલભાઈ વિઠલભાઈ ડોબરીયા | સાહેદ |
| પી.૦૬ | ૭૦ | પુંજાભાઈ હીરાભાઈ ખાંભલા | પંચ સાહેદ |

### -:: સરકારપક્ષ/બચાવપક્ષ/કોર્ટ દ્વારા આપેલ આંકની યાદી ::-

### (અ) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| ડી.૦૧ | ૨૦ | પંચનામાની ખરી નકલ |
| ડી.૦૨ | ૩૫ | અસલ ફરિયાદ |
| ડી.૦૩ | ૫૩ | એફ.એસ.એલ. રિપોર્ટ |

# –: ચુકાદો :–

## (૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત :–

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી પ્રફુલભાઈ લલીતભાઈ તન્નાનાં ભંડુરી ગામે આવેલ કબજા ભોગવટાનાં રહેણાંક મકાનમાં ગઈ તા.૨૫/૦૩/૨૦૨૨ નાં કલાક ૨૦:૫૦ વાગ્યાનાં અરસામાં ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂનાં રોયલ કલાસીક વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. નાં પેપર પાઉચ કંપની સીલપેક પેટી નંગ–૦૮ કુલ પાઉચ નંગ–૩૮૪ કિ.રૂા.૩૮,૪૦૦/– તથા ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની બ્લેન્ડર પ્રાઈડ રેર પ્રિમીયમ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની કાચની સીલપેક બોટલ નંગ–૧૦ કિ.રૂા.૪,૦૦૦/– તથા ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની રોયલસ્ટેગ કલાસીક વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની કંપની સીલપેક બોટલ નંગ–૦૪ કિ.રૂા.૧,૬૦૦/– તથા લાવા કંપનીનો સાદો મોબાઈલ ફોન નંગ–૦૧ કિ.રૂા.૫૦૦/– એમ મળી કુલ કિ.રૂા.૪૪,૫૦૦/– નાં પ્રોહી. મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન આરોપી હિરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ મળી આવી પકડાઈ જઈ તથા પ્રફુલભાઈ લલીતભાઈ તન્ના હાજર નહીં મળી આવી ગુનો કરેલાનું તેમજ આરોપી આરીફ ઉર્ફે ભુરો યુસુફભાઈ ગંભીર રહે. ભંડુરી તા. માળીયા હાટીના વાળાએ આ મુદ્દામાલ પુરો પાડી એકબીજાનાં મીલાપીપણામાં ગુનો કરેલ, જે બનાવની ફરિયાદીએ પોલિસ ફરિયાદ કરેલી.

## (૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–

હાલનાં કામનાં ફરિયાદીની ફરીયાદનાં અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નંબર ૧૧૨૦૩૦૩૬૨૨૦૦૯૦/૨૦૨૨ થી પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. જે પોતાનાં અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધિકારીશ્રી દ્વારા સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ કાનુની કાર્યવાહિ કરવા પુરતો પુરાવો જણાતાં, આરોપીઓ વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલું.

**(૩) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–**

આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલ તપાસનાં અંતે ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ થયાં બાદ આરોપીઓ સામેનાં ગુનાનું સંજ્ઞાન ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ–૧૯૦(૧)(બી) મુજબ લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતાં આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને પુરતો સમય આપ્યાં બાદ તેઓને ગુનો કબુલ છે કે, કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતાં આરોપીઓએ ગુનો કબુલ ન હોય અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ. જેથી મુખ્ય કેસ નં.૧૧૮૦/૨૦૨૨ નાં કામે આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ તેમજ તેઓની પ્લી આ કામે અનુક્રમે આંક–૧૩ અને આંક–૧૪ થી રેકર્ડ કરવામાં આવેલ છે. તેમજ પુરવણી કેસ નં.૧૫૩૩/૨૦૨૨ નાં કામે આરોપી વિરુધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ તેમજ તેઓની પ્લી આંક–૦૫ થી રેકર્ડ કરવામાં આવેલ છે.

**(૪) મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

પ્રોસીકયુશન પક્ષે પોતાનાં કેસનાં સમર્થનમાં નમુના ‘ક‘ મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(૫) આરોપીઓનાં વિશેષ નિવેદન :–**

ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, રેકર્ડ આધારિત હકિકત ધ્યાને લેતાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ મુજબનાં પુરાવા હોવાથી આરોપીઓનાં ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, ફરિયાદપક્ષે ખોટી ફરિયાદ કરેલ છે અને પુરાવો ખોટો છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે.

**(૬) દલીલો :–**

ઉપરોકત પુરાવાઓ રજુ થયાં બાદ ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી તથા બચાવ પક્ષે વિદ્વાન વકીલ શ્રીની દલીલો વિસ્તૃતમાં સાંભળવામાં આવેલ છે, જે ઘ્યાને લેવામાં આવેલ છે.

**(૭) મુદ્દાઓ :–**

ત્યારબાદ ફરીયાદ પક્ષનો કોર્ટ સમક્ષનો હાલનો કેસ વંચાણે લેવામાં આવે તો, નીચે મુજબનાં મુદ્દાઓ ન્યાયિક નિર્ણય માટે ઉપસ્થીત થયેલા છે.

## –: મુદ્દાઓ :–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી પ્રફુલભાઈ લલીતભાઈ તન્નાનાં ભંડુરી ગામે આવેલ કબજા ભોગવટાનાં રહેણાંક મકાનમાં ગઈ તા.૨૫/૦૩/૨૦૨૨ નાં કલાક ૨૦:૫૦ વાગ્યાનાં અરસામાં ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂનાં રોયલ કલાસીક વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. નાં પેપર પાઉચ કંપની સીલપેક પેટી નંગ–૦૮ કુલ પાઉચ નંગ–૩૮૪ કિ.રૂા.૩૮,૪૦૦/– તથા ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની બ્લેન્ડર પ્રાઈડ રેર પ્રિમીયમ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની કાચની સીલપેક બોટલ નંગ–૧૦ કિ.રૂા.૪,૦૦૦/– તથા ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની રોયલસ્ટેગ કલાસીક વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની કંપની સીલપેક બોટલ નંગ–૦૪ કિ.રૂા.૧,૬૦૦/– તથા લાવા કંપનીનો સાદો મોબાઈલ ફોન નંગ–૦૧ કિ.રૂા.૫૦૦/– એમ મળી કુલ કિ.રૂા.૪૪,૫૦૦/– નાં પ્રોહી. મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન આરોપી હિરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ મળી આવી પકડાઈ જઈ તથા પ્રફુલભાઈ લલીતભાઈ તન્ના હાજર નહીં મળી આવી ગુનો કરેલાનું તેમજ આરોપી આરીફ ઉર્ફે ભુરો યુસુફભાઈ ગંભીર રહે. ભંડુરી તા. માળીયા હાટીના વાળાએ આ મુદ્દામાલ પુરો પાડી એકબીજાનાં મીલાપીપણામાં ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮) નિર્ણય :–**

ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટનાં નિર્ણય નીચે મુજબનાં છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

## –:: નિર્ણય માટેનાં કારણો (પુરાવાનું મુલ્યાંકન) ::–

**(૯) મુદ્દા નંબર–૧ :–**

**(૯.૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલનાં ગુનામાં આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે સાબિત કરવા અંગેનાં પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલ છે.

**(૯.૨)** આ કામે ફરિયાદપક્ષે આંક–૦૭ (ક્રિ.કે.નં.૧૫૩૩/૨૦૨૨) તથા આંક–૧૯ (ક્રિ.કે.નં.૧૧૮૦/૨૦૨૨) થી પંચ સાહેદ સતીષભાઈ ગોરધનભાઈ રાઠોડ નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવુ જણાવેલ છે કે, આજથી આશરે ૦૮ માસ પહેલા પોલીસે તેઓને દુકાને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી. તેઓની હાજરીમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. પંચનામાની વિગત તેઓ જાણતા નથી. આ કામે આંક–૨૦ થી રજુ કરેલ પંચનામામાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતોને સમર્થન કરતાં ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગતા અત્રેની કોર્ટ દ્વારા ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર સાહેદ દ્વારા પંચનામાની હકિકતોને સમર્થનકારક હકિકતો જણાવેલ નથી. જયારે બચાવપક્ષેથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી અને તેઓની હાજરીમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ નથી.

**(૯.૩)** આ કામે ફરિયાદપક્ષે આંક–૩૪ થી ફરિયાદી હીતેષભાઈ કાનજીભાઈ છેલાણા

નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, ગત તા.૨૫/૦૩/૨૦૨૨ નાં રોજ તેઓ તથા કોન્સ. સંજયભાઈ તથા વિમલભાઈ વિગેરે પેટ્રોલીંગ દરમિયાન ભંડુરી ગામે અગાઉ દારૂનાં કેસમાં પકડાયેલ પ્રફુલ તન્નાનાં મકાને રહેતાં હીરેનભાઈ પ્રફુલભાઈ તન્ના દારૂનું વેચાણ કરે છે. જેથી બે પંચોને લઈ બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતાં સદરહું મકાનનાં આગળનાં ભાગે તાળુ મારેલ હોય ત્યાં એક ઈસમ હાજર હોય તેનું નામ પુછતાં તે હીરેન પ્રફુલ સેજપાલ હોવાનું જણાવેલ. મજકુરને સાથે રાખી મકાનનું તાળુ તોડતાં જયાં અલગ અલગ પ્રકારની ઈંગ્લીશ દારૂની બોટલો તથા ચપટા કુલ કિ.રૂા. ૪૪,૫૦૦/- નો મુદ્દામાલ પંચનામાની વિગતે મળી આવેલ અને આરોપી પ્રફુલભાઈ લલીતભાઈ તન્ના મળી આવેલ નહીં અને મળી આવેલ આરોપી હીરેનને હસ્તગત કરેલા. તેમજ આ ગુનાની ફરિયાદ તેઓએ આપેલી. આ કામે આંક-૩૫ થી રજુ કરેલ અસલ ફરિયાદમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. જયારે બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેઓની ફરિયાદમાં પંચોનાં નામ જણાવેલ નથી. રેઈડ વખતે આરોપીઓ હાજર મળી આવેલા નહી. તેઓ પેટ્રોલીંગમાં કયાં વાહનમાં હતા તે તેઓએ ફરિયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય રહેણાંકી મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાનો રેવન્યુ આધાર તેઓએ જોયેલ નથી. બનાવ સમયે તેઓએ આરોપીનું આધારકાર્ડ જોયેલ નથી. પંચોને કોણે બોલાવેલા તેની તેઓને ખબર નથી. તેઓએ પંચો સાથે કોઈ વાતચીત કરેલ નથી. ઘણીવાર બીનવારસુ મુદ્દામાલ મળી આવવાનો પ્રસંગ બનતો હોય છે. તપાસ કરનાર તેઓનાં ઉપલી અધિકારી છે. આ સિવાયની અન્ય હકિકતોને નકારી કાઢેલ છે.

(૯.૪) આ કામે ફરિયાદપક્ષે આંક-૫૨ થી ત.ક.અ. સમીરભાઈ ઈશાકભાઈ મંધરા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, ગત તા.૨૫/૦૩/૨૦૨૨ નાં રોજ તેઓ તથા કોન્સ. સંજયભાઈ તથા હીતેષભાઈ કાનજીભાઈ છેલાણા વિગેરે પેટ્રોલીંગ દરમિયાન ભંડુરી ગામે અગાઉ દારૂનાં કેસમાં પકડાયેલ પ્રફુલ તન્નાનાં મકાને રહેતા હીરેનભાઈ પ્રફુલભાઈ તન્ના દારૂનું વેચાણ કરે છે. જેથી બે પંચોને લઈ બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતાં સદરહું મકાનનાં આગળનાં ભાગે તાળુ મારેલ હોય ત્યાં

એક ઈસમ હાજર હોય તેનું નામ પુછતાં તે હીરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ હોવાનું જણાવેલ. મજકુરને સાથે રાખી મકાનનું તાળુ તોડતાં જયાં અલગ અલગ પ્રકારની ઈંગ્લીશ દારૂની બોટલો તથા ચપટા કુલ કિ.રૂા. ૪૪,૫૦૦/– નો મુદ્દામાલ પંચનામાની વિગતે મળી આવેલ અને આરોપી પ્રફુલભાઈ લલીતભાઈ તન્ના મળી આવેલ નહીં અને મળી આવેલ આરોપી હીરેનને હસ્તગત કરેલા. તેમજ આ ગુનાની ફરિયાદ હીતેષભાઈ કાનજીભાઈ છેલાણાએ આપેલી. તેઓને આ કામે આંક–૨૦ થી રજુ કરેલ પંચનામું બતાવવામાં આવેલ છે. જેમાં તેઓની તથા બે પંચોની સહીઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આ ગુનાની તપાસ તેઓએ સંભાળતા સાહેદોનાં નિવેદન તેઓનાં લખાવ્યા મુજબ લખી લીધેલા અને એફ.એસ.એલ. માંથી પૃથ્થકરણ અહેવાલ આવતાં પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલુ. આ કામે એફ.એસ.એલ. રિપોર્ટ આંક–૫૩ થી રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદમાં પંચોનાં નામ જણાવેલ નથી. રેઈડ વખતે આરોપીઓ હાજર મળી આવેલા નહી. તેઓ પેટ્રોલીંગમાં કયાં વાહનમાં હતા તે તેઓએ ફરિયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય રહેણાકી મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાનો રેવન્યુ આધાર તેઓએ જોયેલ નથી. બનાવ સમયે તેઓએ આરોપીનું આધારકાર્ડ જોયેલ નથી. પંચોને કોણે બોલાવેલા તેની તેઓને ખબર નથી. તેઓએ કોઈ પંચો સાથે વાતચીત કરેલી નથી. ઘણીવાર બીનવારસુ મુદ્દામાલ મળી આવવાનો પ્રસંગ બનતો હોય છે. તેઓએ કોઈ આજુબાજુ વાળા સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી. તેઓએ લીધેલા તમામ નિવેદન પોલીસ કર્મચારીઓનાં છે. આ સિવાયની અન્ય હકિકતોને નકારી કાઢેલ છે.

(૯.૫) આ કામે ફરિયાદપક્ષે આંક–૬૦ થી સાહેદ સંજયભાઈ મનહરભાઈ પરમાર નાંઓને તથા આંક–૬૧ થી સાહેદ વિમલભાઈ વિઠલભાઈ ડોબરીયા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, ગત તા.૨૫/૦૩/૨૦૨૨ નાં રોજ તેઓ તથા વીમલભાઈ વિગેરે પેટ્રોલીંગ દરમિયાન ભંડુરી ગામે અગાઉ દારૂનાં કેસમાં પકડાયેલ પ્રફુલભાઈ તન્નાનાં મકાને રહેતાં હીરેનભાઈ પ્રફુલભાઈ

તન્ના દારૂનું વેચાણ કરે છે. જેથી બે પંચોને લઈ બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતાં સદરહું મકાનનાં આગળનાં ભાગે તાળુ મારેલ હોય ત્યાં એક ઈસમ હાજર હોય તેનું નામ પુછતાં તે હીરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ હોવાનું જણાવેલ. મજકુરને સાથે રાખી મકાનનું તાળુ તોડતા જયાં અલગ અલગ પ્રકારની ઈંગ્લીશ દારૂની બોટલો તથા ચપટા કુલ કિ.રૂા. ૪૪,૫૦૦/– નો મુદ્દામાલ પંચનામાની વિગતે મળી આવેલ અને આરોપી પ્રફુલભાઈ લલીતભાઈ તન્ના મળી આવેલ નહીં અને મળી આવેલ આરોપી હીરેનભાઈને હસ્તગત કરેલા. તેમજ આ ગુનાની ફરિયાદ હીતેષભાઈ કાનજીભાઈ છેલાણાએ આપેલી. આ રેઈડમાં તેઓ સાથે હતા. જયારે બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદોએ એવી હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદમાં પંચોનાં નામ જણાવેલ નથી. રેઈડ વખતે આરોપીઓ હાજર મળી આવેલા નહી. તેઓ પેટ્રોલીંગમાં કયાં વાહનમાં હતા તે ફરિયાદની ફરિયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય રહેણાંકી મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાનો રેવન્યુ આધાર તેઓએ જોયેલ નથી. બનાવ સમયે તેઓએ આરોપીનું આધારકાર્ડ જોયેલ નથી. પંચોને કોણે બોલાવેલા તેની તેઓને ખબર નથી. તેઓએ કોઈ પંચો સાથે વાતચીત કરેલી નથી. ઘણીવાર બીનવારસુ મુદ્દામાલ મળી આવવાનો પ્રસંગ બનતો હોય છે. તપાસ કરનાર તેઓનાં ઉપલી અધિકારી છે. આ સિવાયની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે.

(૯.૬) આ કામે ફરિયાદપક્ષે આંક–૭૦ થી પંચ સાહેદ પુંજાભાઈ હીરાભાઈ ખાંભલા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, આજથી આશરે ૦૨ વર્ષ પહેલા પોલીસે દુકાને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી. તેઓની હાજરીમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. પંચનામાની વિગત તેઓ જાણતા નથી. આ કામે આંક–૨૦ થી રજુ કરેલ પંચનામામાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. તા.૨૫/૦૩/૨૦૨૨ નાં રોજ પોલીસે પંચ તરીકે રહેવાની સમજ કરેલી. તે વખતે આરોપીનાં ઘરમાં ઈંગ્લીશ દારૂ મળી આવેલ હોય તે અંગેનું વિગતવારનું પંચનામું તેઓની હાજરીમાં કરેલ હોય તેવું બનેલ નથી. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી

કરેલી. તેઓની હાજરીમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયાં બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થનકારક પુરાવો રજુ રાખેલ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ છે. ફકત પંચ/સાહેદોનાં ફરી જવાથી કેસને કોઈ નકારાત્મક અસર થતી નથી. તેમજ પોલીસની જુબાનીને ન માનવાને કોઈ કારણ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય આરોપીઓને મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે. જયારે આરોપી પક્ષે વિ.વકિલ શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે તપાસેલ પંચ/સાહેદોએ પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય નહી. વધુમાં, સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આરોપીઓને શંકાનાં આધારે ખોટી રીતે સંડોવી દીધેલ હોય, આરોપીઓએ હાલનો ગુનો કરેલ ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૧૧) આ કામે આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનાં ગુનાનું તહોમત છે. ત્યારે આ કામે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ) ધ્યાને લેવામાં આવે તો, તે નીચે મુજબ છે.

**65. Penalty for illegal import, etc., of intoxicant or hemp :**

Whoever, in contravention of the provisions of this Act, or of any rule, regulation or order made or of any licence, pass, permit or authorisation granted thereunder—
(a) imports or exports any intoxicant [2][ ( other than opium ) ] or hemp,
(b) manufactures any intoxicant [2][ ( other than opium ) ],
(c) constructs or works any distillery or brewery,
(d) bottles liquor,
(e) *[ Possesses, transports, sells of buys] any intoxicant
[1][ ( other tha opium)] of hemp, or
(f) uses, keeps or has in his possession any materials, still, utensils, implements or apparatus for the purpose of manufacturing any intoxicant
[2][(other than opium)],
[3][(g) cultivates or collects hemp.]
[4][shall, on conviction, be punished for each such offence with imprisonment for a term which may extend to ten years and with fine which may extend to five lakh rupees;

Provided that, in absence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the court-

(i) for a first offence, such imprisonment shall not be less than two years and fine shall not be less than one lakh rupees;

(ii) for a second offence, such imprisonment shall not be less than three years and fine shall not be less then two lakh rupees;

(iii) for a third or subsequent offences, such imprisonment shall not be less than seven years and fine shall not be less than five lakh rupees.]

**(૧૧.૧)** ઉપરોકત કલમ તથા આ કામે રજુ થયેલ પુરાવો, ફરિયાદી તથા ત.ક.અ. શ્રીની જુબાની ઘ્યાનમાં લેવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી જુબાની આપેલી છે પરંતુ આ કામે ફરિયાદીની ઉલટ તપાસ ઘ્યાને લેતાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓની ફરિયાદમાં પંચોનાં નામ જણાવેલ નથી. રેઈડ વખતે આરોપીઓ હાજર મળી આવેલા નહી. તેઓ પેટ્રોલીંગમાં કયાં વાહનમાં હતા તે તેઓએ ફરિયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય રહેણાંકી મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાનો રેવન્યુ આધાર તેઓએ જોયેલ નથી. બનાવ સમયે તેઓએ આરોપીનું આધારકાર્ડ જોયેલ નથી. પંચોને કોણે બોલાવેલા તેની તેઓને ખબર નથી. તેઓએ પંચો સાથે કોઈ વાતચીત કરેલ નથી. ઘણીવાર બીનવારસુ મુદ્દામાલ મળી આવવાનો પ્રસંગ બનતો હોય છે. તપાસ કરનાર તેઓનાં ઉપલી અધિકારી છે. તેમજ પોલીસ સાહેદોનો પુરાવો ઘ્યાને લેતાં આંક–૨૦ વાળા પંચનામાં મુજબ મુદ્દામાલ પ્રતિબંધીત દારૂ મળી આવેલ હોવાનું જણાવેલ છે જયારે સદરહું મુદ્દામાલ પંચોની હાજરીમાં કબજે કરેલ હોવાની અને પંચનામું પંચોની હાજરીમાં કરેલ હોવાની હકિકતને સમર્થન મળતું નથી. આમ, જયારે સ્વતંત્ર પંચ/સાહેદો ફરી ગયેલા હોય તેવા સંજોગોમાં ફરિયાદ તથા પંચનામાનું કોઈ ખાસ મહત્વ રહેતું નથી. કાયદાનો એ પ્રસ્થાપિત સિઘ્ધાંત છે કે પંચનામું એ સબસ્ટેન્સીયલ પીસ ઓફ એવીડન્સ નથી, માત્ર કોરોબ્રેટીવ પીસ ઓફ એવીડન્સ છે અને પંચનામું માત્ર પંચ સાહેદોની જુબાનીનાં સમર્થનમાં જોઈ શકાય, તે સિઘ્ધાંત ઘ્યાને લેતાં આ કામે જયારે પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી ત્યારે ફરીયાદપક્ષે આંક–૨૦ નાં પંચનામાની વિગતે આ કામનાં આરોપીઓનાં કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત સાબિત કરેલ નથી. આ કામે બીજા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લેવામાં આવેલા નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે(૧) ના ચુકાદામાં નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા

પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદીનાં પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતી ભર્યુ ગણાય નહી.

(૧૧.૨) વધુમાં, ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર પંચ સાહેદોએ મુદ્દામાલ દારૂ આરોપીનાં સભાન કબજામાં હતો તે હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વધુમાં સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ, (૧૯૭૯ ક્રિ. લો. રી.મહારાષ્ટ્ર ૪૨૧ ) માં સ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે પંચસાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૧.૩) આમ, આરોપીઓ સામેનો કેસ સ્વતંત્ર સાહેદોનાં અભાવે ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. વધુમાં આ કામે ઉપરોકત સંજોગો ધ્યાને લેતાં SATISH MEHRA VS.DELHI ADMINISRATION 1996 (3) CRIMES P. 85 નાં ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી અને વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું પણ નિરીક્ષણ કરેલ છે કે,

"When Judge is certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a only for proposes of formally completing the proposes to provision the conclusion on future date."

(૧૧.૪) આમ, ઉપરોકત રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં ગુનો જે સ્થળ ઉપર બનેલ છે તે સ્થળ રહેણાંકી મકાન હોય અને જાહેર સ્થળ હોય તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોનાં કોઈ નિવેદન તપાસ કરનાર અધિકારીએ નોંધેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારી દ્વારા જે કહેવાતો કબજા ભોગવટાવાળો દારૂ કબજે કરવામાં આવેલ છે તે આરોપીઓની માલિકીનો હતો તે બાબત પણ રેકર્ડ પર આવેલ નથી. વધુમાં પંચનામાં મુજબ પંચોને તપાસતાં ફરિયાદ હકીકતને સમર્થન મળેલ નથી. વધુમાં સ્થળ ઉપરથી કબજે લીધેલ કહેવાતું પ્રવાહી પ્રતિબંધીત

દારૂ હતો કે કેમ તે સાબિત કરવા માટે ન્યાય પ્રયોગ શાળા (F.S.L.) નો રીપોર્ટ રજુ થયેલ છે પરંતુ તેનાં કોઈ નિષ્ણાંત સાહેદને તપાસેલ નથી. આમ, રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પોલીસ સાહેદોની જુબાનીને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી. જેથી ફકત પોલીસ સાહેદોની જુબાની આધારભુત ગણી શકાય નહી. આરોપીઓનાં પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ કબજે કર્યાનું જ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલા નથી તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે.

**(૧૨)** આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીઓને ગુનાનાં કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, આ કામનાં આરોપી પ્રફુલભાઈ લલીતભાઈ તન્નાનાં ભંડુરી ગામે આવેલ કબજા ભોગવટાનાં રહેણાંક મકાનમાં ગઈ તા.૨૫/૦૩/૨૦૨૨ નાં કલાક ૨૦:૫૦ વાગ્યાનાં અરસામાં ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂનાં રોયલ કલાસીક વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. નાં પેપર પાઉચ કંપની સીલપેક પેટી નંગ–૦૮ કુલ પાઉચ નંગ–૩૮૪ કિ.રૂા.૩૮,૪૦૦/– તથા ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની બ્લેન્ડર પ્રાઈડ રેર પ્રિમીયમ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની કાચની સીલપેક બોટલ નંગ–૧૦ કિ.રૂા.૪,૦૦૦/– તથા ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની રોયલસ્ટેગ કલાસીક વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની કંપની સીલપેક બોટલ નંગ–૦૪ કિ.રૂા.૧,૬૦૦/– તથા લાવા કંપનીનો સાદો મોબાઈલ ફોન નંગ–૦૧ કિ.રૂા.૫૦૦/– એમ મળી કુલ કિ.રૂા.૪૪,૫૦૦/– નાં પ્રોહી. મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન આરોપી હિરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ મળી આવી પકડાઈ જઈ તથા પ્રફુલભાઈ લલીતભાઈ તન્ના હાજર નહીં મળી આવી ગુનો કરેલાનું તેમજ આરોપી આરીફ ઉર્ફે ભુરો યુસુફભાઈ ગંભીર રહે. ભંડુરી તા. માળીયા હાટીના વાળાએ આ મુદ્દામાલ પુરો પાડી એકબીજાનાં મીલાપીપણામાં ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યાનો જે આક્ષેપ ફરિયાદપક્ષે કરેલ છે, તે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં–૧ નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં–૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ♦ આખરી હુકમ ♦

- આ કામનાં આરોપીઓ **(૧) હિરેનભાઈ પ્રફુલભાઈ સેજપાલ**, રહે.ભંડુરી, તા.માળીયા હાટીના, **(ર) પ્રફુલ લલીતકુમાર તન્ના** , રહે. ભંડુરી, ઓવરબ્રીજ પાસે, તા. માળીયા હાટીના, **(૩) આરીફ ઉર્ફે ભુરો યુસુફભાઈ ગંભીર**, રહે. ભંડુરી ગામ, નવા પ્લોટ વિસ્તાર, તા. માળીયા હાટીના વાળાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–ર૪૮(૧) સાથે વંચાણે લેતા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬પ(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનાં શિક્ષા પાત્ર ગુનાનાં તહોમતમાંથી મુકત કરી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
- આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ પ્રોહિ. દારૂ તથા બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. હાલનાં કામે મુદ્દામાલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે. તેમજ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલની માલિકી અંગેની ખરાઈ કરી તેનાં મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપતાં છ–માસનાં સમય માટે રૂા.ર,પ૦૦/– નાં સઘ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–**૦૮** મી, માહે–**એપ્રિલ**, સને–**ર૦ર૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી, જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૦૮/૦૪/ર૦ર૬<br>સ્થળ : માળીયા હાટીના. | **( બી. વી. ગોહિલ )**<br>જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>માળીયા હાટીના (જિ.જૂનાગઢ)<br>( Judge Code - GJ-01456 ) |

(એસ.એમ.ગાલોરિયા)